શ્રી જામનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમીટેડ
"હાલાર દૂધ ધારા"
રજીસ્ટ્રેશન નં. : જે એમ આર/સે (સં) દૂધ ૪૧૭૬૪, તા. ૧૫-૭-૨૦૧૩

તા. / /૨૦

## ભાડા પેટે પેક વાહન સંઘના કામકાજ માટે રાખવા બાબતે

આથી શ્રી જામનગર જિલ્લા સાહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ના વિવિધ તાલુકાના ગામડાઓ માં વેટેનરી સર્વિસ માટે પેક વાહન ની તા.૦૧-૦૧-૨૦૨૨ થી ૩૧-૧૨-૨૦૨૨ સુધી ના સમય માટે ૨ પેક વાહન (બોલેરો ટાઈપ) ની ભાડે થી જરૂરિયાત હોઇ, સદર કામગીરી માટે આ સાથે બીડેલ ફોર્મમાં ભાવ ભરી દૂધ સંઘ ની ઓફિસ ના સરનામા પર બંધ કવર માં મોકલી આપવા જાહેરાત કરવામાં આવે છે. આ ફોર્મ ભરી મોકલવાની છેલ્લી તારીખ ૨૮.૧૨.૨૦૨૧ છે.

**સરનામું-**
**પ્લોટ નો.43, હાપા ઉધોગનગર,અંબિકા વે –બ્રિજ ની પાસે,**
**હાપા-૩૬૧૧૨૦, જામનગર**

21/12/21.
**જનરલ મેનેજર**
**શ્રી જામનગર જિલ્લા સહ. દૂ.ઉ. સંઘ. લી.**

# શ્રી જામનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.
# “હાલાર દૂધ ધારા “

## ભાડા પેટે પેક વાહન સંઘના કામકાજ માટે રાખવા બાબતે

**પ્રતિ શ્રી,**
જનરલ મેનેજર સાહેબ,
શ્રી જામનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.
જામનગર – ગુજરાત

**વિષય** – તા. ૦૧/૦૧/૨૦૨૨ થી તા. ૩૧/૧૨/૨૦૨૨ સુધીના સમય માટે ભાડા પેટે ૨ પેક વાહન સંઘ ના કામકાજ માટે રાખવા માટે નો ભાવ આપવા બાબતે

જય ભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે અમો આપની શરતો અને નીચે દર્શાવેલ સૂચનાઓ તથા આ સાથે સામેલ કરાર ની શરતો નંબર ૧ થી ૪૪ સુધીને આધીન નીચે જણાવેલ ભાવથી ઇજારો રાખવા હું/અમો સમંત છું/છીએ.

| અ. નં. | ભાડા પેટે પેક વાહનનું નામ | ભાવ / પ્રતિ કિલોમીટર દીઠ |
|---|---|---|
| ૧. | | |

૧) સેન્ટર નું નામ :- હાપા, જામનગર
૨) વાહન પરિવહન સ્થળ- ગુજરાત રાજ્યની અંદર અને જામનગર જિલ્લા ની અંદરના ગામડા
3) પેક વાહન નો પ્રકાર – બોલેરા જેવુ મોટું વાહન (૭-૮ સીટર)
૪) આ ઇજારમાં ફરનાર મારા /અમારા વાહન અંગેની તથા અન્ય જરૂરી માહિતી નીચે મુજબ છે.
(અ) ઇજારદારનું નામ :-______________________________
(બ) ઇજારદારનું સરનામું :-______________________________
______________________________
મુકામ:____________ પોસ્ટ: ________ તાલુકો:__________ જિલ્લો:______________
ટેલિફોન નંબર :______________________ મોબાઇલ નંબર______________________
પાન કાર્ડ નંબર : ______________________________
(ક) મૂકવાપાત્ર પેક વાહનો ની સંખ્યા-______________________________

**(S) મૂકવા પાત્ર વાહનની વિગત**

| અ.નં. | વાહન રજીસ્ટર માલિક નું નામ | વાહનની જાત | વાહન નંબર | રજિસ્ટર વર્ષ | વિમા પોલિસી નંબર |
|---|---|---|---|---|---|
| ૧. | | | | | |
| ૨. | | | | | |

# શ્રી જામનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.
# “હાલાર દૂધ ધારા “

**૫) ખાસ સૂચનાઓ**

૧. આ ફોર્મ  વાચી સમજી વિગતે ભરવાનું રહેશે.

૨. આ ફોર્મ  જે નામે આપવામાં આવશે તે જ નામે સ્વીકારશે.

૩. વાહન પોતાની માલિકી નું છે કે ભાગીદારી માં તે ફોર્મ માં સ્પષ્ટ જણાવવાનું રહશે. જો ભાગીદારી માં હોય તો ભાગીદારી નો દ્સ્તાવેજની પ્રમાણિત ખરી નકલ કરાર ફોર્મ સાથે જોડાણ કરવી જરૂરી છે.

૪. ભાડે મૂકવાનું પેક વાહન નું મોડેલ તા. ૦૧/૦૧/૨૦૧૪ કે તે પછીનું હોવું જોઇએ.

૫. બંને પેક વાહન એક જ માલિક પાસેથી ભાડા પેટે મળશે તો તે માલિક ને પહેલા પ્રાધાન્ય આપવામાં આવશે.

૬. આ ફોર્મ માં  હકીકત / માહિતી ખોટી જાહેર કરેલી હોવાનું જણાશે તો કોટેશન ના મંજૂર કરવાને પાત્ર ગણાશે.

**માલિક નું નામ** ____________________________________________________

**સહી**__________________________________ **મો.**________________________

# શ્રી જામનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. “હાલાર દુધ ધારા” પરિવહન ઇજારા માટેનો કરાર

આથી અમો નીચે સહી કરનાર શ્રી જામનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. **હાલાર દુધ ધારા ડેરી,** પ્લોટ નં – ૪૩/ B, હાપા ઉધોગનગર, હાપા,જામનગર-૩૬૧૧૨૦ ના પક્ષકારનં:-૧ વતી સંઘના જનરલ મેનેજર શ્રી અને વાહન પરિવહનનો ઇજારો રાખનાર વ્યકિત પક્ષકાર નં:-૨ વતી શ્રી....................................... આ કરારખત ઉપર જરૂરી સહી સિક્કા કરશે. આ કરારનો અમલ તા:- ................... થી તા........................ અને સંઘને જરૂર જણાય ત્યાં સુધી રહેશે આ કરારની મુદત પુરી થવા અંગે લેખીત નોટીસ ધ્વારા પક્ષકાર નં-૨ને જાણ કરવા સંઘ બંધાયેલ નથી મુદત પુરી થયે આ કરારનો આપોઆપ અંત આવશે અને એકબીજાની જવાબદારીઓ અને લેણાં દેણાં સમજીને છુટા થઈ શકશે ઉપરોકત કરારની મુદત વિત્યે બંને પક્ષકારો લેખીત સંમતીથી રૂટ પરિવહન ઇજારાની મુદતમાં વધારો કરી શકશે આ કરારની ૧ થી ૪૪ શરતો અમો બંને પક્ષકારોને કબુલ મંજુર છે.

# શ્રી જામનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. "હાલાર દૂધ ધારા"
# **વેટેરીનરી વાહન** પરિવહન ઇજા□□ની શરતો

૧. વ્યાખ્યાઓ.

- **સંઘ**:- શ્રી જામનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.
- **ડેરી**:- હાલાર દૂધ ધારા ડેરી
- **ચેરમેનશ્રી**:- શ્રી જામનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. ના બંધારણની રૂઈએ ચુંટાયેલા અને સંઘના વડા તરીકેનો હોદ્દો સંભાળતા હોય તે.
- **જનરલ મેનેજર** :- વહીવટીય વડા તરીકેનો હોદ્દો સંભાળતા હોય તે પગારદાર કર્મચારી.
- **અધિકૃત અધિકારી**:- સંઘનું કામકાજ સંભાળતા સંઘના પગારદાર કર્મચારી.
- **પક્ષકાર નંબર-૧**:- **જનરલ મેનેજર**.
- **પક્ષકાર નંબર-૨** :- વાહન પરિવહનનો ઇજારો રાખનાર વ્યકિત.

૨. દર મહીને લધુત્તમ ૨૫૦૦ કી.મી. અંકે પચીસ સો કી. મી. ના રૂપિયા પ્રતિ કી.મી. મુજબ આપવામાં આવશે.

૩. જયારે ગાડી માં કોઈ ખરાબી સર્જાય અથવા ડ્રાયવર હાજર ન હોય ત્યારે બીજી ગાડી અથવા બીજા ડ્રાયવર ની વ્યવસ્થા કરી આપવાની જવાબદારી પક્ષકાર નંબર – ૨ ની રહેશે. જ્યાં સુધી બીજી ગાડી ની વ્યવસ્થા ન કરી આપે તો ત્યાં સુધીના મુસાફરી ભથ્થાની જવાબદારી ની રહેશે. જેનો આખરી નિર્ણય પક્ષકાર નંબર – ૧ નો રહેશે.

૪. જો કોઈ યોગ્ય કારણ સિવાય નક્કી કરેલા સમય કરતા મોડા પહોચશે તો દંડ પેટે રૂપિયા 500 અંકે પાંચ સો રૂપિયા વાહન બીલ માંથી કપાત કરવામાં આવશે, જેનો આખરી નિર્ણય પક્ષકાર નંબર – ૧ નો રહેશે.

૫. પક્ષકાર નંબર-૨ એ સંઘ કે ચિલિંગ સેન્ટરના ડોક ઉપરથી ખાલી કેનો, તેમજ ઢાંકણ અને ફેટ ટેસ્ટીગ મશીન, મિલ્કો ટેસ્ટર, એસીડ/ આલ્કોહોલ, સાધનો, સાયરન તેમજ પશુ ચિકિત્સક યોજના હેઠળ મોકલાતી સાધન સામગ્રી તેમજ મંડળીઓમાંથી સંઘને કે સંઘમાંથી મંડળીઓને મોકલવામાં આવતી લેખીત નોંધ (પત્ર માહિતી વિગેરે) તથા દૂધની ડેરીમાં બનતી તમામ બનાવટો સંઘની સુચના મુજબ લઇ જવાની અને તેની સોંપણી સારી હાલતમાં વ્યવસ્થિત કરવાની કે કરાવવાની રહેશે. અને તેના નિયમ મુજબ પરસ્પર સહીઓ લેવાની તથા આપવાની જવાબદારી રહેશે. સદર તમામ વસ્તુઓ ચઢાવવા /ઉતારવાની જવાબદારી પક્ષકાર નંબર-૨ની રહેશે. આ વસ્તુઓના હીસાબ તથા ટ્રકશીટ સંઘ નક્કી કરે તે રીતે રાખવાની જવાબદારી પક્ષકાર નંબર-૨ની રહેશે. તેજ પ્રમાણે મંડળીઓમાંથી અથવા ચિલિંગ સેન્ટરેથી સોંપાતી સાધન સામગ્રી તથા ચીજ વસ્તુઓ સંઘ ઉપર પહોંચાડવાની રહેશે. આ અંગે કોઇ કસુર થશે તો જનરલ મેનેજર પક્ષકાર નંબર-૨ ને યોગ્ય દંડ કરી શકશે.

૬. વખતો વખત સંઘે નક્કી કરેલ રૂટ તેમજ સમયપત્રક મુજબ પક્ષકાર નંબર-૨એ વાહન જામનગર હેડઓફીસ ઉપરથી પ્રસ્થાન કરવાનુ રહેશે.

૭. પક્ષકાર નંબર-૨એ સંઘ તરફથી પશુપાલન, દૂધ ઉપાર્જન કાર્ય હેતુ માટે મોકલવાના પ્રતિનિધી કર્મચારીઓને લાવવા લઇ જવાના રહેશે આ સિવાયનું કોઇપણ અનઅધિકૃત વ્યકિત કે માલસામાન વહન તથા બીન જરૂરી રોકાણ અક્ષમ્ય ગણાશે. અને તે અંગે દંડ સમય કપાત અથવા ઇજારો રદ થવા સુધીની શિક્ષાને પાત્ર રહેશે રૂટનું વાહન ગમે તે સમયે ગમે ત્યાં તપાસવાનો સંઘને અધિકાર રહેશે સંઘ જણાવે ત્યારે મંડળીઓના પ્રતિનિધીઓ તથા કર્મચારીઓ લઇ જવા અથવા લાવવાના રહેશે.

૮. ડેરીના આ રૂટના કામકાજ સિવાય બીજા કોઇપણ કામ અંગે વાહનની જરૂર પડે ત્યારે પક્ષકાર નંબર-૨એ વાહન આપવાનું રહેશે આ કામ માટે તેના ટેન્ડરનો ભાવ જે હશે તે ચુકવવામાં આવશે તથા પક્ષકાર નંબર-૨એ રૂટના કામકાજ સિવાયના કામની ડેરી તરફથી મળેલ સુચનાઓ અમલ કરવા બંધાયેલ ગણાશે.

૯. ડેરી સાથે થયેલ ઇજારો પક્ષકાર નંબર-૨ બીજા સખ્શના નામે ફેરવવા માગશે તો તેને ડેરી મંજુરી આપશે તો રૂા.૩૦૦૦/-(અંકે રૂપિયા ત્રણ હજાર પુરા) ટ્રાન્સફર ફી પેટે ભરપાઇ કરી આપવાના રહેશે.

૧૦. પક્ષકાર નંબર-૨નું વાહન ડેરીમાં કામકાજ દરમ્યાન બગડે કે અકસ્માત થાય તો તેનાથી ડેરીને થયેલ નુકશાની કે ડેરીના કર્મચારીની જાનહાની કે શારીરીકહાની અંગેની જવાબદારી પક્ષકાર નંબર-૨ની રહેશે.પક્ષકાર નંબર-૨એ રાખેલ કર્મચારી (વર્કમેન)ને ફરજ દરમ્યાન જાનહાની થાય કે શારીરિક ઇજા થાય તો વર્કમેન ક્રોમ્પ્રશન એકટ નીચેની તમામ જવાબદારી માત્ર પક્ષકાર નંબર-૨ની રહેશે અને કોઇપણ સંજોગોમાં ડેરીએ વળતરની રકમ ચુકવવાની થશે નહી.

૧૧. પક્ષકાર નંબર-૨ પોતાના વાહનને ડેરી અગર શીતકેન્દ્ર ઉપર પાણીથી ધોઇ શકશે નહી કે સાફ સુફી કરશે નહી જો તેમ કરવામાં આવશે તો રૂા.૧૦૦૦/- સંઘ દંડ પેટે વસુલી શકશે.

૧૨. પક્ષકાર નંબર-૨ સાથેનો પત્ર વ્યવહાર પક્ષકાર નંબર-૨ના વાહન ઉપરના રોકેલ માણસોની સહી લઇને કરવામાં આવશે જે પક્ષકાર નંબર-૨ને મળ્યા બરાબર ગણાશે આમ છતાં પક્ષકાર નંબર-૨ના વાહનના માણસો ટપાલ સ્વીકારશે નહી તો ટપાલ વાહન ઉપર ચોંટાડવામાં આવશે અથવા નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે જે પક્ષકાર નંબર-૨ને મળ્યા બરાબર ગણાશે.

૧૩. પક્ષકાર નંબર-૨એ વાહનમાં રાખેલા શખ્શો સંઘના અધિકૃત અધિકારીઓની સુચના પ્રમાણે કામ કરશે તેમ કરવામાં તેઓ બેદરકાર જણાશે અથવા અસભ્ય વર્તન કરશે તો સંઘ જે રીતે જણાવે તે રીતે પગલાં પક્ષકાર નંબર-૨એ લેવાના રહેશે અને સંઘને થયેલ નુકશાની ભરી આપવાની રહેશે સંઘના અધિકારી / કર્મચારીઓ અને મંડળીના પ્રતિનિધીઓ સાથે પક્ષકાર નંબર-૨ કે તેના કર્મચારીઓ બેદરકાર રહેશે અથવા અસભ્ય વર્તન કરશે તો તેનો ઇજારો રદ કરી શકાશે.

૧૪. ડેરી / ચીલીગ સેન્ટરમાં પક્ષકાર નંબર-૨નું વાહન દાખલ થતા વાહનને દરવાજે રોકી નોંધ વિગેરે કરવાની રહેશે વાહન ડેરીની હદમાં કલાકના ૧૦ કી.મી ના વેગ મર્યાદામાં ચલાવવાનું રહેશે આ ઉપરાંત સંઘની મિલ્કતને જો કોઇ નુકશાન થશે તો તેની જવાબદારી પક્ષકાર નંબર-૨ની રહેશે અને તેની સંઘને થયેલ નુકશાની પક્ષકાર નંબર-૨એ ભરપાઇ કરવાની રહેશે જો તે ભરપાઇ નહી કરે તો તેમના બીલમાંથી વસુલ થઇ શકશે પક્ષકાર નંબર-૨ સલામતી તેમજ શિસ્તના નિયમોનું પાલન કરશે અને તેનો ભંગ બદલ સંઘ પક્ષકાર નંબર-૨ને જે દંડ કરે તે પક્ષકાર નંબર-૨ને માન્ય રહેશે.

૧૫. પક્ષકાર નંબર-૨એ પોતાના વાહનના વીમાની પોલીસીની નકલ રજુ કરવાની રહેશે.

૧૬. આ ઈજારો તા-૦૧-૦૧-૨૦૨૨ થી તા-**૩૧-૧૨-૨૦૨૨** સુધી રહેશે. તથા સંઘને જરૂર જણાયે વધુ સમય માટે મુદત વધારી શકાશે આમ નક્કી થયેલ સમય સુધી ઈજારો પુરો કરવાનો રહેશે અને જો ઈજારાની કામગીરીની મુદત પુરી થતા પહેલા બંધ કરશે તો તેની ડીપોઝીટ જપ્ત થશે તથા બીજી વ્યવસ્થા ગોઠવવામાં સંઘને જે નુકશાની થશે તે પક્ષકાર નંબર-૨ પાસેથી વસુલ કરવામાં આવશે. આમ છતાં આકસ્મિક સંજોગોના કારણે સંઘની અને પક્ષકાર નંબર-૨ની સહમતીથી ઈજારાના સમયમાં ગમે તેટલો વધારો કરી શકાશે.

૧૭. પક્ષકાર નંબર-૨ પોતાના મરજી મુજબ ઈજારામાં ફેરફાર કરી શકશે નહી કે કોન્ટ્રાકટમાં મુકેલ વાહનની સંઘની પરવાનગી સિવાય તેનું વેચાણ કરી શકશે નહી.

૧૮. પક્ષકાર નંબર-૨એ પોતાના વાહન માટે ડીઝલની વ્યવસ્થા કરવાની રહેશે. સરકારશ્રી તરફથી જયારે ડીઝલના ભાવમાં વધારો /ઘટાડો કરવામાં આવશે ત્યારે મંજુર થયેલ કી.મી ના ઈજારાના ભાવમાં વાહનની એવરેજ ગણી વધારો/ ઘટાડો કરવાનું સંઘ વીચારશે અને જો સંઘને યોગ્ય લાગે તો તે અંગે જરૂરી લાગે તેટલો ભાવ વધારો - ઘટાડો આપવા કે કપાત કરવા વિચારી શકશે. આ અંગે સંઘ જે નિર્ણય કરશે તે પક્ષકાર નંબર-૨ને માન્ય રહેશે.

૧૯. પક્ષકાર નંબર-૨એ કાયમી ડીપોઝીટ તરીકે દિન ૧૫(પંદર)નું ભાડું ટેન્ડર મંજુર થયેથી સંઘ પાસે જમાં કરાવવાનુ રહેશે. આ ડીપોઝીટ સંઘ સાથેનો ઈજારો પુરો થયા બાદ પક્ષકાર નંબર-૨ તરફથી રૂટ પરની મંડળીઓ કે સંઘ સાથેના હિસાબો ચુકતે કર્યા બાદ પરત કરવામા આવશે. સદર ડીપોઝીટનું વ્યાજ સંઘ ચુકવશે નહી.

૨૦. પક્ષકાર નંબર-૨ એ પોતાના રૂટનું ટ્રાન્સપોર્ટ બીલ બે નકલમાં ૧ થી ૩૦/૩૧ તારીખ માટેનુ દર માસની ૦૫ તારીખ સુધીમાં સંઘમાં મુકવાનુ રહેશે. પક્ષકાર નંબર-૨ને બીલમાંથી ચુકવવા પાત્ર થતી રકમમાંથી પી. એફની રકમ તથા આવકવેરા અધિનિયમ મુજબ કપાત કરવા પાત્ર થતી રકમ તથા સર્વિસ ટેક્ષ, ટી ડી એસ.ની સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો મુજબની કપાત અને અન્ય નુકશાનીના ડેબીટમેમા મુજબ તેમજ દંડની રકમ કપાત કરવાનો સંપૂર્ણ અધિકાર સંઘને રહેશે. આ અંગે કોઇ ખુલાસો સંઘે આપવાનો રહેશે નહી.જેથી સંઘ જરૂરી કાર્યવાહી પુરી કરી બીલના નાણા પક્ષકાર નંબર-૨ના બેંકના ખાતામાં જમા કરાવશે. પક્ષકાર નંબર-૨ની કોઇપણ જાતની ઉતાવળ કે આગ્રહ ચાલશે નહી.

૨૧. સરકારશ્રી તરફથી જો રૂટ પરિવહન બીલમાં GST લાગુ પડે તો GST નંબર મેળવી લેવાની જવાબદારી પક્ષકાર નંબર-૨ની રહેશે અને મેળવેલ નંબર સહકાર વિભાગમાં જણાવી દેવાની જવાબદારી પક્ષકાર નંબર-૨ની રહેશે.

૨૨. કેન્દ્ર સરકાર, ગુજરાત સરકાર ધ્વારા વખતોવખત આવતા નિયમો મુજબ પક્ષકાર નંબર-૨ ધ્વારા નાણાકીય જવાબદારી ઉદ્દભવે તે સમયે પક્ષકાર નંબર-૨ના બીલમાંથી આવી જવાબદારીઓ પુરી કરવા માટે પક્ષકાર નંબર-૨ વતી સંઘ પૂર્ણ કરશે તો તેની વસુલાત પણ સંઘ ધ્વારા પક્ષકાર નંબર-૨ના બીલમાંથી કરવામાં આવશે પરંતુ પ્રોવિડન્ડ ફંડની તમામ કાનુની જવાબદારી પક્ષકાર નંબર-૨ની પોતાની રહેશે પક્ષકાર નંબર-૨ આ કરારને પરીપુર્ણ કરવા જાતે કામ કરશે અને અગર જો કરાર પરીપુર્ણ કરવા માણસોને નોકરીમાં રાખશે તો નોકરીમાં માણસો માટેના કાયદાઓ તથા અન્ય કાયદાઓ અંગેની ઉપસ્થિત થતી તમામ જવાબદારી પક્ષકાર નંબર-૨ની રહેશે.

૨૩. પક્ષકાર નંબર-૨ને ટ્રાન્સપોર્ટ ઈજારાના બીલ સામે એડવાન્સ રકમ આપવામાં આવશે નહી.

૨૪. કોઇપણ સંજોગોમાં પક્ષકાર નંબર-૨ પોતાનો ઇજારો સંતોષકારક ચલાવી શકે નહી અગર અનિયમીત ચલાવે અગર શંકાસ્પદ વર્તન જણાય તે વખતે ઇજારો રદ કરવાની સત્તા સંઘની રહેશે અને તે અંગે નવો ઇજારો આપવામાં આવશે તેની તમામ જવાબદારી અને તે અંગે ડેરીને થતી નુકશાનીની જવાબદારી પક્ષકાર નંબર-૨ની રહેશે. જે માટે તેની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે

૨૫. શરતોમાં સમાવેશ કરવામાં આવેલ ન હોય તેવી બાબતોમાં જનરલ મેનેજર કે અધિકૃત કર્મચારી સંઘના હિતમાં જે કાંઇ સુચના કે આદેશ આપે તેનો પક્ષકાર નંબર-૨એ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. આમ કરવામાં પક્ષકાર નંબર-૨ નિષ્ફળ જાય તો સંઘના જનરલ મેનેજર કે અધિકૃત કર્મચારી જે શિક્ષાત્મક પગલાં ભરે તે પક્ષકાર નંબર-૨એ સ્વિકારવાના રહેશે.

૨૬. પક્ષકાર નંબર-૨એ સંઘમાંથી મંડળીને પુરી પાડવાની ટપાલ અને ચીજવસ્તુઓ સંઘ નક્કી કરે તે રીતે રાખવા તથા પહોંચાડવાની જવાબદારી પક્ષકાર નંબર-૨ની રહેશે. અને જો ટપાલ અથવા ચીજવસ્તુઓ સમયસર મંડળીઓને અગર મંડળી ઉપરથી સંઘને મુળસ્થિતીમાં અને સારી હાલતમાં પહોંચતી નહી કરાય તો ન કરાયા બદલ જે કાંઇ નુકશાની થઇ હોય તે તથા બેદરકારી બદલ દંડ અને નુકશાની પક્ષકાર નંબર-૨ પાસેથી વસુલ કરવામાં આવશે.

૨૭. પક્ષકાર નંબર-૨એ તેના વાહન ઉપર મુકાયેલ ડ્રાયવર અને કંડકટર અગર હેલ્પરની થતી પ્રોવિડંડ ફંડની તથા ઇ.એસ.આઇ.ની રકમ દર માસે તેમના મહેનતાણા અને સરકારશ્રીના ધારાધોરણ મુજબ સંઘમાં જમા કરાવવાની રહેશે. જો પક્ષકાર નંબર-૨ તેમ કરવામાં નિષ્ફળ જશે તો સંઘ તેના પરિવહન બીલમાંથી થતી રકમ કપાત કરી જમા કરી લેવાને હક્કદાર રહેશે અને પક્ષકાર નંબર-૨એ કામે રાખેલ કર્મચારીઓની હાજરી દર માસે નિયમીત આપવાની રહેશે જેથી તે મુજબની થતી રકમની કપાત કરવામાં આવશે.

૨૮. પક્ષકાર નંબર-૨એ તેમના વાહનમાં પરિવહન સમયે કામ કરતા કર્મચારીને અકસ્માત થાય અગર તેનું મૃત્યુ થાય તે માટે તેમનો વાર્ષિક વીમો વાહનમાં કામ કરતા દરેક કર્મચારીઓનો ફરજીયાત લઇ લેવાનો રહેશે.

૨૯. પક્ષકાર નંબર-૨ના વાહનને શહેરમાં અગર કસ્બામાં કે ગામડામાં કોઇ કોમી તોફાન અગર બીજા તોફાનોના કારણે તેમનાં વાહનને કોઇપણ જાતનુ નુકશાન કરવામાં આવ્યું હશે તો તે થયેલ સઘળા નુકશાનની સંપૂર્ણ જવાબદારી પક્ષકાર નંબર-૨ની રહેશે.

૩૦. પક્ષકાર નંબર-૨એ સંઘના નોમીનલ સભાસદ થવાનુ ફરજીયાત રહેશે.

૩૧. પક્ષકાર નંબર-૨ ના વાહનમાં સંઘની મજુરી આપવામા આવી ન હોય તેવી કોઈ જાહેરાત કે લખાણ, મોકલાવી કે લગાડી શકશે નહી.

૩૨. પક્ષકાર નંબર-૨ના વાહનમાં સંઘના તેમજ મંડળીના કર્મચારી બેઠા હોય તે દરમ્યાન અકસ્માત થાય અને શારીરીક હાની કે જાનહાની થાય તેની તમામ જવાબદારી પક્ષકાર નંબર-૨ની રહેશે.

૩૩. પક્ષકાર નંબર-૨નું વાહન લાયસન્સ ન હોય તેવી વ્યકિત ચલાવી શકશે નહી.

૩૪. આ શરતોના અર્થઘટનમાં સંઘના **જનરલ મેનેજર**શ્રીનો નિર્ણય અંતિમ રહેશે. જે નિર્ણય પક્ષકાર નંબર-૨ને બંધન કર્તા રહેશે.

૩૫. પક્ષકાર નંબર-૨ એ સંઘને જરૂર લાગે તો અર્નેસ્ટમનીની રકમ દૈનિક ભાડાના ૧૫(પંદર) દિવસનુ થતુ ભાડુ જમા રાખવાનુ રહેશે.

૩૬. પક્ષકાર નંબર-૨એ બે સધ્ધર સાક્ષી ડેરી સુચવે તે રીતે અલગ અલગ આપવાના રહેશે.

૩૭. પક્ષકાર નંબર-૨એ પાનકાર્ડ રજુ કરવાનું રહેશે અને રજુ કર્યા બાદજ બીલની રકમ ચુકવવામાં આવશે.

૩૮. પક્ષકાર નંબર-૨એ ડેરી સાથે કરારનામુ કર્યા પહેલા કોન્ટ્રાકટ મુજબનુ કામ કર્યુ હશે એટલે કે તુરતજ કોન્ટ્રાકટની શરતો બંધનકર્તા થશે. આ અંગે કોઇ વાંધો ઉઠાવી શકશે નહી. એગ્રીમેન્ટ રજુ નહી થાય ત્યાં સુધી બીલનુ પેમેન્ટ કરવામાં આવશે નહી.

૩૯. પક્ષકાર નંબર-૨ કોઇપણ જાતના યુનિયન કે એશોશિયેશનમાં જોડાઇ શકશે નહી. અને જો જોડાશે તો તેનો ઇજારો આપોઆપ રદ થયેલ ગણાશે.

૪૦. પક્ષકાર નંબર-૨ કે તેના કોઇ માણસો પાન,માવા,ગુટકા,તમાકુ,બીડી વિગેરે ડેરી કે ચિલિંગ સેન્ટરના કંપાઉન્ડમાં ખાઇ શકશે નહી. કે સાથે રાખી શકશે નહી અને જો રાખશે કે ખાશે તો રૂા.૨૦૦૦/- નો દંડ સંઘ વસુલી શકશે.

૪૧. પક્ષકાર નંબર-૨ પોતાના વાહનમાં પેસેન્જર બેસાડી શકશે નહી અને જો પેસેન્જર બેસાડતા પકડાશે તો સંઘ જે નક્કી કરે તે દંડ પક્ષકાર નંબર-૨એ ભોગવવાનો રહેશે.

૪૨. પક્ષકાર નંબર-૨ પોતાના વાહનમાં પેસેન્જર બેસાડશે અને તે દરમ્યાન કોઇ અકસ્માત થાય તો તે અંગે પક્ષકાર નંબર-૨ જવાબદાર રહેશે સંઘ નહી. સંઘ પેસેન્જર બેસાડવા બદલ દંડ કરી શકશે.

૪૩. પક્ષકાર નંબર-૨એ પોતાનો તથા વાહન ચાલક તથા કંડકટર રાખેલ હોય તો તેમનો મોબાઇલ નંબર ફરજીયાત પણે સહકાર વિભાગમાં રજીસ્ટ્રેશન કરાવવાનો રહેશે. મોબાઇલ નંબર બદલ્યે થી જુનો નંબર રદ કરાવી તુર્તજ નવો નંબર રજીસ્ટ્રેશન કરાવવાનો રહેશે.

૪૪. પક્ષકાર નંબર-૨ અને સંઘ વચ્ચે આ કરારના કોઇ અર્થઘટનનો પ્રશ્ન ઉભો થાય અથવા કરારને અંગે વહીવટની લેણદેણનો પ્રશ્ન ઉપસ્થિત થાય કે કરારભંગ કોણે કરેલ છે તે પ્રશ્ન ઉપસ્થિત થાય તે કરારનો અંત આવી ગયો છે કે કેમ? અને તે વ્યાજબી રીતે આવેલ છે કે કેમ ? તે અંગેની તકરાર સંઘના ચેરમેનશ્રીની લવાદી ઉપર રહેશે. અને ચેરમેનશ્રી જે ફેસલો આપે તે બંને પક્ષો માટે આખરી અને બંધનકર્તા રહેશે. આ શરતને પૂર્વશરત તરીકે ગણવામાં આવશે. અને ચેરમેનશ્રીની લવાદમાં સોપ્યા સિવાય પક્ષકાર નંબર-૨ બારોબાર કોર્ટમાં દાવો દાખલ કરી શકશે નહી આ કરાર જામનગર મુકામે થયેલ છે તેથી જો કદાચ કોઇની તકરાર ઉપસ્થિત થાય તો તે માટે જામનગર અદાલતની હકુમત રહેશે અને તે સિવાય બહારની અદાલતમાં દાવો દાખલ થઇ શકશે નહી.

નોંધઃ- ૧ થી ૪૪ શરતો મેં વાંચેલ તથા સમજેલ છે. ઇજારાના સમય દરમ્યાન મને કબુલ મંજુર છે.

-----------------------------------

ઇજારદારની સહી

સરનામું:- ..........................................................

..........................................................

..........................................................